Gujarat Vidyapith

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા
અંગ્રેજી વિભાગ

ગુજરાત સાહિત્ય અકાદમી

## ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ગૂજરાત વિદ્યાપીઠના

**સંયુક્ત ઉપક્રમે**

# ૨-દિવસીય રાજ્ય-સ્તરીય કાર્યશાળા અનુવાદ: સિદ્ધાંત અને પ્રયોગ

## (16 – 17 માર્ચ ૨૦૨૬)




## વિભાવના

અનુવાદ હંમેશા શૈક્ષણિક વિશ્વનું ખૂબ જ મહત્વપૂર્ણ પાસું રહ્યું છે, પરંતુ તે ક્યારેય સાંસ્કૃતિક અધ્યયન અથવા મહિલા અધ્યયન અથવા સિનેમા અધ્યયનની જેમ એક અધ્યયન શાખાનો દરજ્જો પ્રાપ્ત કરી શક્યો નથી. તે એક એવું ક્ષેત્ર રહ્યું જે જ્ઞાનના પ્રસાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવતું હતું, પરંતુ તે સાહિત્યિક અભ્યાસ કાર્યક્રમોના હાંસિયા પર રહ્યું. મોટે ભાગે, તે ભારતની કેટલીક યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક ડિપ્લોમા તરીકે ઓફર કરવામાં આવે છે. આજના વૈશ્વિકીકરણના વિશ્વમાં અનુવાદો અને અનુવાદ અભ્યાસો વધુ ને વધુ મહત્વનું બની રહ્યું છે ત્યારે આ એક અજીબ બાબત બની રહે છે. ભારતીય સાહિત્યિક ગ્રંથોના ઉચ્ચ-ગુણવત્તાવાળા અનુવાદોની સંખ્યા અત્યંત પાંખી છે. આજના સમયની મુખ્ય જરૂરિયાત એ છે કે અનુવાદને સાહિત્યિક તેમજ સંશોધન અભ્યાસના સૌથી મહત્વપૂર્ણ પાસા તરીકે સ્વીકારવામાં આવે. આનાથી યુવા સંશોધકોને ન માત્ર અનુવાદ અભ્યાસને મુખ્ય અધ્યયન શાખા તરીકે અપનાવવા માટે પ્રોત્સાહન મળશે, પરંતુ સાહિત્યિક તેમજ બિન-સાહિત્યિક રચનાઓના નિષ્ણાત અનુવાદક તરીકે કાર્ય કરવાની તક પણ મળશે.

વર્તમાન કાર્યશાળાનો ઉદ્દેશ્ય કોઈપણ ક્ષેત્રના રસ ધરાવતા કૉલેજ-યુનિવર્સિટીના અધ્યાપકો, યુવા સંશોધક વિદ્યાર્થીઓ તેમજ ખાસ કરીને સ્નાતક, અનુસ્નાતક તથા સ્નાતકોત્તર કાર્યક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનુવાદ અભ્યાસના ક્ષેત્રમાં તાલીમ આપવાનો છે અને તેમને ટૂંકી સાહિત્યિક તથા બિન-સાહિત્યિક રચનાઓના અનુવાદમાં વ્યવહારિક માર્ગદર્શન પૂરું પાડવાનો છે. કાર્યશાળામાં સૈદ્ધાંતિક અને વ્યવહારિક ઘટકો બંને સમાન માપદંડોમાં હશે. અનુવાદ અભ્યાસના જાણીતા વિદ્વાનો અને અનુવાદના અભ્યાસીઓ દ્વારા સૈદ્ધાંતિક પ્રવચનો આપવામાં આવશે. તજજ્ઞો સહભાગીઓને અનુવાદ કાર્યમાં માર્ગદર્શન પણ આપશે. આ કવાયતમાં કવિતા, ટૂંકી વાર્તાઓ, અખબારના અહેવાલો અને અન્ય સર્જનાત્મક કસબો જેમ કે જાહેરાતોનો અનુવાદ કરવાનો સમાવેશ થશે.

## તજજ્ઞો:

- ડૉ. રૂપાલી બર્ક, શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
- ડૉ. પ્રણવ જોશીપુરા, ઉમા આર્ટસ એન્ડ નથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર
- ડૉ. રાજેશ પટેલ, પ્રાંતિજ કૉલેજ
- ડૉ. અરુણાબા જાડેજા, અમદાવાદ

## કોના માટે?

- કૉલેજ અને યુનિવર્સિટીના શિક્ષકો
- અનુવાદમાં રસ ધરાવતા સંશોધક/વિદ્વાનો
- સ્નાતક અને સ્નાતકોત્તર કક્ષાના વિદ્યાર્થીઓ
- અનુવાદમાં રસ ધરાવતાં એવા કોઈ પણ વ્યક્તિ

## ફી:

- અન્ડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે : રૂપિયા ૨૦૦/-
  (ગૂજરાત વિદ્યાપીઠ બહારના વિદ્યાર્થીઓ માટે)
- પી.એચ.ડી. સંશોધક વિદ્યાર્થીઓ માટે : રૂપિયા ૩૦૦/-
- શિક્ષકો અને અન્ય રસ ધરાવતા સહભાગીઓ માટે : રૂપિયા ૫૦૦/-



## ગૂજરાત વિદ્યાપીઠ વિશે

ગૂજરાત વિદ્યાપીઠ ઉચ્ચ શિક્ષણની એક ઐતિહાસિક સંસ્થા છે જે 1920માં મહાત્મા ગાંધી દ્વારા આઝાદીના આંદોલન દરમિયાન સ્થાપવામાં આવી હતી અને તાત્કાલિન રાષ્ટ્રવાદીઓ દ્વારા બ્રિટિશ શાસનની શૈક્ષણિક સંસ્થાઓના વિકલ્પ તરીકે સ્થાપિત રાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાંથી એક હતી. ગૂજરાત વિદ્યાપીઠનો ઉદ્દેશ્ય શિક્ષિત યુવાનો તૈયાર કરવાનો હતો જે દેશના સ્વાતંત્ર્ય આંદોલનમાં ભાગ લઈ શકે. સ્વાતંત્ર્ય પછી, ગૂજરાત વિદ્યાપીઠનું લક્ષ્ય છે એવા નૈતિકતા અને પ્રમાણિક્તાથી ભરપૂર કાર્યકરો તૈયાર કરાય જે ભારતીય સમાજના પાયાના સ્તરથી ઉન્નતિ માટે કામ કરી શકે. યુનિવર્સિટી તેની શૈક્ષણિક, સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓમાં ગાંધીજીનાં વિચારો અને સિદ્ધાંતોનું પાલન કરે છે.

## અંગ્રેજી વિભાગ વિશે

ગુજરાત વિદ્યાપીઠમાં અંગ્રેજી વિભાગની સ્થાપના વર્ષ 2015માં કરવામાં આવી હતી અને બહુ ઓછા સમયગાળામાંજ તે અંગ્રેજી અભ્યાસને ગાંધી વિચારો સાથે જોડતું અભ્યાસનું સ્થળ બની ગયું છે. વિભાગ બીએ, એમએ અને પીએચડી પ્રોગ્રામ ચલાવે છે. વર્ગખંડીય શિક્ષણ-અધ્યયન પ્રક્રિયા ઉપરાંત, વિભાગ માસિક વિદ્યોત્તેજક કાર્યક્રમોનું આયોજન કરે છે જેમાં વિદ્યાર્થીઓ પોતાની સર્જનાત્મક રચનાઓ તથા અભ્યાસક્રમ બહારના વિવિધ સાહિત્યિક પ્રકારો અને લેખકોનું વાંચન પ્રદર્શિત કરી શકે છે. ભૂતકાળમાં વિભાગે 'સાહિત્ય અને સિનેમા', 'થિયેટર ઓફ ઓપરેસડ' જેવા વર્કશોપ; 'અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ' જેવા વ્યાખ્યાન શ્રેણી; તેમજ Mapping Gandhi in Different Cultures Across the Globe' પર આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરેલું છે.

**રજીસ્ટ્રેશન માટેનો લિન્ક:** https://forms.gle/dbvLz3fGeiBtBcsG9

**ફી માટેનો કોડ:**

### કોઈપણ માહિતી માટે સંપર્કસૂત્રો:


1. ડૉ. અમરેન્દ્ર પાંડે, M: 9687581410, Email: amarendrapandey@gujarartvidyapith.org
2. ડૉ. દિવ્યેશ ભટ્ટ, M: 9426402639, Email: divyeshbhatt@gujaratvidyapith.org
3. શ્રી તહજીબ નોંડે, M: 8496205188, Email: tehzeeb@gujaratvidyapith.org



**પ્રો હિમાંશુ પટેલ**
કુલસચિવ
ગૂજરાત વિદ્યાપીઠ

**ડૉ. જયેન્દ્રસિંહ જાદવ**
મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી

**ડૉ. અતુલકુમાર પરમાર**
અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ
ગૂજરાત વિદ્યાપીઠ

**પ્રો. સંજયભાઈ મકવાણા**
ડીન, ભાષાઓ અને સાહિત્ય વિદ્યાશાખા
ગૂજરાત વિદ્યાપીઠ